**જન્મદિને વધામણી**



નિમિષ વ્યાસ
કારોબારી સભ્ય, ગાંધીનગર કલ્ચરલ ફોરમ, મો. ૯૯૦૯૯ ૪૬૦૬૪



માધવી નિમિષ વ્યાસ




મિત્તલ રાણા
પૂર્વ ખજાનચી, લાયોનેસ ક્લબ ઓફ ગાંધીનગર



અજયકુમાર વિષ્ણુભાઈ નાયી
ન્યૂ એમ્પાયર હેર એન્ડ કેર
મેઘ મલ્હાર, સેક્ટર-૧૧
મો. ૯૭૨૩૮ ૯૪૩૦૬



કમલેશ મહેતા



દિવ્યા પટેલ વૈદ

# કડી સર્વ વિશ્વવિદ્યાલયનો ૧૦મો યુવક મહોત્સવ યોજાયો









સર્વ વિદ્યાલય કેમ્પસ, કડી ખાતે શુક્રવાર, શનિવાર દરમિયાન કડી સર્વ વિશ્વવિદ્યાલયના ૧૦મા યુવક મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કડી અને ગાંધીનગર કેમ્પસની ૩૪ કોલેજોના ૧૪૦૦ વિદ્યાર્થીઓએ નવીનતા અને પ્રેરણાની થીમ પર સંગીત,સાહિત્ય,કલા,નૃત્ય અને થીયેટરની વિવિધ ૨૯ સ્પર્ધાઓમાં પોતાની કલાઓનું પ્રદર્શન કર્યું હતું. યુવક મહોત્સવ અંતર્ગત સંસ્થા દ્વારા શહેરના ભાઉપુરા વિસ્તારથી સર્વ વિદ્યાલય કેમ્પસ સુધી વિવિધ થીમો પર રેલીનું આયોજન કરાયું હતું. સંસ્થાના વિદ્યાર્થીઓ ઉત્સાહથી રેલીમાં જોડાયા હતા. કડી સર્વ વિદ્યાલય કેમ્પસ સ્થિત એચ.વી.એચ.પી.ઈન્સ્ટીટયુટ ઓફ પોસ્ટ ગ્રેજ્યુએટ એન્ડ રીસર્ચ કોલેજના યજમાન પદે આ યુવક મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. મહોત્સવના ઉદ્‌ઘાટન પ્રસંગે જાણીતી ગુજરાતી ફિલ્મો રોંગસાઈડ રાજુ,બે યાર,તંબુરોનાં અભિનેતા પ્રતિક ગાંધી અને યુવા વાદક હેતવી લીમ્બાર્ડ ઉપસ્થિત રહ્યાં હતાં. કડી સર્વ વિદ્યાલય કેમ્પસનાં કેમ્પસ ડાયરેકટર તથા યુવા મહોત્સવના કન્વીનર ડૉ.અજય ગોર, સહ કન્વીનર ડૉ.મીનલ ત્રિવેદી તથા તેમની સમગ્ર ટીમે યુવા મહોત્સવ કાર્યક્રમને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવી હતી.

## ઍસ જી પ્રાથમિક શાળાના ધોરણ-૬ના વિદ્યાર્થીઓ બ્લાઈન્ડ સ્કૂલની મુલાકાતે



ગાંધીનગરની એસ. જી. પ્રાથમિક શાળાના ધો- ૬ના બાળકોએ સેકટર-૧૬માં આવેલ બ્લાઈન્ડ સ્કૂલની મુલાકાત લીધી હતી. ધો- ૬ ના એ.બી.સી.ડી.ઈ. એમ બધા જ વર્ગના કુલ ૨૭૫ બાળકો આ મુલાકાતમાં જોડાયા હતા. અહીં બાળકોએ બ્રેઈન લિપિ વિષે માહિતી મેળવી હતી. તેમજ અંધ બાળકોની વિવિધ પ્રવૃતિ વિશે માહિતી મેળવી હતી. શિક્ષકો પણ આ મુલાકાતમાં વિદ્યાર્થીઓ જોડે જોડાયા હતા.




ગાંધીનગર, તા. ૧૬

ભારત વિકાસ પરિષદ દ્વારા સમૂહગાન સ્પર્ધા તાજેતરમાં યોજવામાં આવી હતી. આ સ્પર્ધામાં ઍમ બી પટેલ ઈંગ્લિશ મીડિયમ સૅકન્ડરી અને હાયર સૅકન્ડરી સ્કૂલ સંસ્કૃત અને હિન્દી બંને વિભાગમાં પ્રથમ ક્રમે વિજેતા બની હતી. શાળાના પૂર્વ વિદ્યાર્થીઓ પરવિંદર સિંઘ અને રાજન ઍચ જાદવના સહિયારા પ્રયાસે આ વિજેતાપદ શાળાને અપાવ્યું હતું. જ્યોતિ પુરોહિત, સિનુ સીલીચેન, સલોની પાઠક, પાયલ ચતુર્વેદી, આરઝુ પટેલ, અંજનિ છાભૈયા, વૃત્તિકા પાનવાલા, વિશ્વા શુક્લએ ખૂબ જ લયબદ્ધ રીતે બંને વિભાગની કૃતિઓને પ્રસ્તુત કરી હતી. શાળાનાં શિક્ષક સેજલ પરમારે આ કૃતિ માટે ખૂબ જ મહેનત ઉઠાવી હતી. આચાર્ય અર્પિત ક્રિશ્ચિયન અને શાળા પરિવારે સૌ વિદ્યાર્થીઓને આ અભૂતપૂર્વ વિજય બદલ બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

## આર જી સ્કૂલ દ્વારા મધર ડેરીની મુલાકાત

ગાંધીનગર, તા. ૧૬

શ્રીમતી આર જી પટેલ કન્યા માધ્યમિક શાળાની ધોરણ-૧૦એની ૬૫ વિદ્યાર્થીનીઓએ મધર ડેરી, ભાટ અને કોટેશ્વર મંદિરની મુલાકાત લીધી હતી.

મધર ડેરીમાં વિદ્યાર્થીનીઓનાં માર્ગદર્શક તરીકે બિજલબેન ભટ્ટે પોતાની સેવાઓ આપી હતી. તેમણે વિદ્યાર્થીઓને દૂધના બૅક્ટેરિયા કેવી રીતે નાશ પામે છે, દૂધનું પૅકેજિંગ કેવી રીતે થાય છે તે સમગ્ર પ્રક્રિયા સમજાવી મશીનરી અને પૅકેજિંગ, કોલ્ડ સ્ટોરેજ વગેરેનું નિદર્શન કરાવ્યું હતું. વિદ્યાર્થીનીઓએ અહીં એ બાબત જાણી હતી કે આ ડેરીમાં રોજનું ૩૫ લાખ લિટર દૂધ આયાત કરવામાં આવે છે. આ ઉપરાંત છાશ, ક્રિમ, બટર, આઈસક્રીમ, પાઉડર, લસ્સીની અલગ-અલગ પ્રૉડક્ટ કેવી રીતે તૈયાર થાય છે તે સમગ્ર પ્રૉસેસ વિદ્યાર્થીનીઓને દર્શાવવામાં આવી હતી. મુલાકાત બાદ વિદ્યાર્થીનીઓને ડેરી તરફથી આઈસક્રીમ પણ ખવડાવવામાં આવ્યો હતો.

ડેરીના આઉટલેટમાંથી વિવિધ ચૉકલેટ્સ, ડેરી પ્રૉડક્ટ્સ ખરીદવાની મજા પણ વિદ્યાર્થીનીઓએ માણી હતી. આ મુલાકાત દરમિયાન રોહિતભાઈ વ્યાસ અને મંજુલાબેન ડોડિયા માર્ગદર્શક તરીકે વિદ્યાર્થીનીઓ સાથે રહ્યાં હતાં.

## રાંચી, ઝારખંડ ખાતે “સરલ રામાયણ” વિષયે ડૉ. કનૈયાલાલ ભટ્ટનું વ્યાખ્યાન




### ડૉ. ભટ્ટે “ સરલ રામાયણ “ વિશે સમીક્ષાત્મક વ્યાખ્યાન આપીને આ કૃતિને સાહિત્યના વિવિધ લક્ષણોથી મૂલવીને એનો રસાસ્વાદ કરાવ્યો

ગાંધીનગર, તા. ૧૬

સાહિત્ય પ્રવાહ ટ્રસ્ટ દ્વારા ડૉ. નલિની પુરોહિત વિરચિત “ સરલ રામાયણ “નો લોકાર્પણ અને સમીક્ષાત્મક સમારોહ તા, ૮, સપ્ટેમ્બરના રોજ શ્રી ફાધર કામિલ બૂલ્કે શોધ સંસ્થાન, રાંચી (ઝારખંડ) ખાતે સંસ્થાનના પૂર્વ નિયામક શ્રી ફાધર મથિયસ ડુંગ ડુંગ યે.સ.ની અધ્યક્ષતામાં યોજાઈ ગયો. જેમાં અતિથિ વિશેષ તરીકે ગાંધીનગરના સર્જક ડૉ. કનૈયાલાલ ભટ્ટ, ડૉ. રામચન્દ્ર રાય ( શાંતિ નિકેતન- કલકત્તા), સંત જેવિયર્સ કૉલેજ, રાંચીના હિન્દી વિભાગના અધ્યક્ષ ડૉ. કમલ બોસ તથા રાંચી વિશ્વવિદ્યાલયના પ્રો. ડૉ. અરૂણ કુમાર ઉપસ્થિત રહેલા. આ પ્રસંગે સર્વ મહાનુભાવોના સ્વાગત બાદ મંચસ્થ સર્વ મહાનુભાવોએ ડૉ. નલિની પુરોહિત વિરચિત “ સરલ રામાયણ “નું વિમોચન કર્યું હતું ત્યારબાદ આરંભે ડૉ. કમલ બોસ, પ્રો. ડૉ. અરૂણ કુમાર તથા , ડૉ. રામચન્દ્ર રાયે પ્રાસંગિક વાત કરી હતી. જ્યારે ડૉ. કનૈયાલાલ ભટ્ટે “ સરલ રામાયણ “ વિશે સમીક્ષાત્મક વ્યાખ્યાન આપીને આ કૃતિને સાહિત્યના વિવિધ લક્ષણોથી મૂલવીને એનો રસાસ્વાદ કરાવ્યો હતો. વધુમાં ડૉ. ભટ્ટે જણાવ્યું હતું કે આ “સરલ રામાયણ” આધુનિક ગુજરાતી સાહિત્યમાં માં પહેલી સ્ત્રી કવયિત્રી દ્વારા રચાઈ હોવાથી એનું મૂલ્ય અનેરું છે. આવનાર યુવા પેઢી માટે આ કથા પ્રેરણાદાયક બની રહેશે. સરલ ભાષામાં લખાયેલી હોવાથી સૌ કોઈ લોકો એનો રસાસ્વાદ કરી શકે છે.

આ પ્રસંગે કવયિત્રી ડૉ. નલિની પુરોહિતે આ યુગમાં રામાયણની જરૂરિયાત અને પોતાની સર્જન પ્રક્રિયા વિશે વિગતે વાત કરી હતી. અંતમાં સંસ્થાનના નિયામક શ્રી ડૉ. ફાધર ઈમ્માનુએલ બખલાએ તથા સંસ્થાનના પૂર્વ નિયામક શ્રી ફાધર મથિયસ ડુંગ ડુંગ યે.સ. એ શ્રી નલિનીબેનની સર્જન શક્તિ અને પ્રવૃત્તિને બિરદાવી હતી. અંતમાં આભારવિધિ મહિલા કૉલેજમ રાંચીના ડૉ. વિનીતાકુમારે કરી હતી. સમગ્ર સમારોહનું સંચાલન શ્રી વૃજેન્દ્ર ઉપાધ્યાયે કર્યું હતું. આ સમારોહમાં રાંચી શહેરના સાહિત્યકારો, મહાનુભાવો અને શિક્ષણજગતના તમામ વિદ્વાનો ઉપસ્થિત રહ્યા હતા.

## ઍસ બી પટેલ કન્યા ઉચ્ચતર માધ્યમિક શાળા કલા મહાકુંભમાં ઝળકી

ગાંધીનગર, તા. ૧૬

શ્રીમતી આર જી પટેલ કન્યા માધ્યમિક અને શ્રીમતી ઍસ બી પટેલ કન્યા ઉચ્ચતર માધ્યમિક શાળાની ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહની વિદ્યાર્થીની જીલ વિજયભાઈ જોષીએ કલા મહાકુંભમાં તાલુકા, જિલ્લા અને ઝોન કક્ષાએ ભરતનાટ્યમમાં પ્રથમ ક્રમનું ઈનામ પ્રાપ્ત કર્યું છે.

આ સ્પર્ધાઓ બાદ રાજ્યકક્ષાની સ્પર્ધામાં પણ તેમણે પોતાની કલા પ્રસ્તુતિ કરી હતી.

ઉલ્લેખનીય છે કે જીલે ભરતનાટ્યમની તાલીમ સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત લલિતકલા ઍકેડેમી ખાતેથી પ્રાપ્ત કરી છે.

## બૅન્ક ઑફ બરોડા દ્વારા હિન્દી દિવસ ઉજવાયો

ગાંધીનગર, તા. ૧૬

બૅન્ક ઑફ બરોડા, બરોડા અકાદમી, ગાંધીનગર દ્વારા શ્રી પ્રતાપસિંહજી હિન્દી વિદ્યાલયમાં હિન્દી દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

આ કાર્યક્રમ અંતર્ગત વિદ્યાર્થીઓએ અલગ-અલગ સ્પર્ધાઓમાં ભાગ લીધો હતો. વિજેતા વિદ્યાર્થીઓને બૅન્ક ઑફ બરોડા દ્વારા પુરસ્કારો આપવામાં આવ્યા હતા. વિદ્યાલયના સંસ્થાપક અર્જુનસિંહ, ટ્રસ્ટી મંડળના શોભનાબા અને પ્રાચાર્ય યુવરાજસિંહ અને વિદ્યાલયના સ્ટાફમિત્રોએ જહેમત ઊઠાવી આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

બૅન્ક ઑફ બરોડા અકાદમી, ગાંધીનગરના પ્રાચાર્ય અનિલ શ્રીવાસ્તવ, મુકેશકુમાર અને નિમિષાબેન આ પ્રસંગે ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

### સૅમેસ્ટર-૧માં પ્રવેશ પામેલા વિદ્યાર્થીઓ માટે વિવેકાનંદ કૉલેજ ખાતે વૅલકમ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૧૬

વિવેકાનંદ કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ ખાતે સૅમેસ્ટર-૧ના વિદ્યાર્થીઓ માટે વૅલકમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કૉલેજના આચાર્ય ડૉ. ભાસ્કર શુક્લે વિદ્યાર્થીઓને અભ્યાસની સાથોસાથ સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરવા જણાવ્યું હતું. મૅનેજિંગ ટ્રસ્ટી પ્રૉ. દીપેશભાઈ પંડ્યાએ વિદ્યાર્થીઓને આવકાર્યા હતા. મુખ્ય મહેમાન તરીકે સાબરમતી આર્ટ્સ-કૉમર્સ કૉલેજના આચાર્ય ડૉ. જે એ સરવૈયા ઉપસ્થિત રહ્યા હતા, જેમણે અંગ્રેજી અને કૉમ્પ્યુટર સ્કીલનું મહત્ત્વ વિદ્યાર્થીઓને સમજાવ્યું હતું. જૈમિન ભટ્ટ દ્વારા ઍનરોલમૅન્ટ તથા પરીક્ષાની માહિતી વિદ્યાર્થીઓને આપવામાં આવી હતી. સૅમેસ્ટર-૧ના વિદ્યાર્થીઓને મોં મીઠું કરાવીને તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતું.

### રાંધેજામાં કાર્યરત જીઆઈપીઍસ ખાતે હિન્દી દિવસની ઉત્સાહપૂર્ણ ઉજવણી કરવામાં આવી

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે હિન્દી દિવસની ઉજવણી ઉત્સાહપૂર્ણ વાતાવરણમાં કરવામાં આવી હતી.

આ પ્રસંગે ભૂલકાઓ માટે હિન્દી કવિતાની સ્પર્ધાઓ રાખવામાં આવી હતી. પ્રથમ ત્રણ ક્રમે વિજેતા વિદ્યાર્થીઓને ઈનામો એનાયત કરવામાં આવ્યાં હતાં. પ્રાથમિક અને માધ્યમિક વિભાગમાં નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્વચ્છતા અભિયાન, બેટી બચાવો, વૃક્ષો આપણા મિત્રો, સ્વાઈન ફ્લુ જેવા વિષયો નિબંધ સ્પર્ધા માટે નિયત કરવામાં આવ્યા હતા. શિક્ષકોએ આ ઉજવણી માટે અમૂલ્ય ફાળો પૂરો પાડ્યો હતો.




(૧) રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે કયા શહેરમાંથી સ્વચ્છતા હી સેવા નામના કાર્યક્રમની શરૂઆત કરી છે ?
(એ) કાનપુર
(બી) નાગપુર
(સી) નવી દિલ્હી
(ડી) કોલકાતા

(૨) આંતરરાષ્ટ્રીય ઑલિમ્પિક સમિતિના ઍથિક્સ કમિશનના નવા અધ્યક્ષ તરીકે કોની નિયુક્તિ કરવામાં આવી છે ?
(એ) કોફી અન્નાન (બી) એન્ટોનીયો ગુટેરેશ
(સી) બાન કી મૂન (ડી) મહંમદ બરકીંડો

(૩) વિશ્વના કયા દેશે જેન ઓસ્ટનની ૧૦ પાઉન્ડની નવી પ્લાસ્ટિકની નોટ લોન્ચ કરી છે ?
(એ) જર્મની (બી) બ્રિટન
(સી) રશિયા (ડી) ઈટલી

(૪) સ્ટીલ ઑથોરિટી ઑફ ઈન્ડિયા લિમિટેડ (સેલ) દેશમાં સેલ સ્ટીલ - ગાંવ કી ઓર નામનું અભિયાન ચલાવી રહ્યું છે, તેનો ઉદ્દેશ શું છે?
(એ) સ્વચ્છતાનો પ્રચાર (બી) શિક્ષાનો વિકાસ
(સી) શિપિંગનો વિકાસ (ડી) દેશમાં સ્ટીલની કમીને પ્રોત્સાહન

(૫) ભારતમાં ૩૬મી રાષ્ટ્રીય ખેલ સ્પર્ધાનું આયોજન કયા રાજ્યમાં કરવામાં આવ્યું છે ?
(એ) ગોવા (બી) ગુજરાત
(સી) છત્તીસગઢ (ડી) કેરલ

(૬) તાજેતરમાં ફિફા દ્વારા જાહેર કરવામાં આવેલી વર્લ્ડ રેન્કિંગમાં ભારતીય ફૂટબોલ ટીમને કયું સ્થાન આપવામાં આવ્યું છે ?
(એ) ૧૦૫ (બી) ૧૦૬
(સી) ૧૦૭ (ડી) ૧૦૮

(૭) તાજેતરમાં ભારત અને જાપાન વચ્ચે કેટલા સમજૂતી કરારો પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે ?
(એ) ૧૫ (બી) ૧૬
(સી) ૧૭ (ડી) ૧૮

(૮) આંતરરાષ્ટ્રીય લોકતંત્ર દિવસ ક્યારે ઉજવવામાં આવ્યો હતો ?
(એ) ૧૩ સપ્ટે (બી) ૧૪ સપ્ટે
(સી) ૧૫ સપ્ટે (ડી) ૧૬ સપ્ટે

(૯) આંતરરાષ્ટ્રીય લોકતંત્ર દિનની થીમ શું હતી ?
(એ) લોકતંત્ર વિશ્વમાં ફેલાવો (બી) લોકતંત્ર અને નાગરિકતા
(સી) લોકતંત્રની ભાગીદારીમાં વધારો (ડી) લોકતંત્ર અને સંઘર્ષ રોકથામ

(૧૦) ગ્લોબલ હ્યુમન કૅપિટલ ઈન્ડેક્ષમાં ભારતનું સ્થાન કેટલામું છે ?
(એ) ૧૦૩મું (બી) ૧૦૪મું
(સી) ૧૦૫મું (ડી) ૧૦૬મું